ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



સેક્ટર-૧નું તળાવ ભરાયું - ગાંધીનગર શહેર જેની રાહ જોતું હતું કે સેક્ટર-૧નું તળાવ ક્યારે ભરાશે... અને તેનો માહોલ રમણીય ક્યારે બનશે... એનો જવાબ મંગળવારે સાંજે મળી ગયો... ગાંધીનગરનું પ્રથમ અને એકમાત્ર સેક્ટર-૧નું તળાવ આજે ભરાતાં પર્યાવરણ પ્રેમીઓ અને નગરજનોમાં આનંદની લાગણી વ્યાપી હતી... અસંખ્ય નાગરિકો સવાર-સાંજ ચાલવા માટે સેક્ટર-૧નું પસંદ કરે છે... સાંજે યુવાનો પણ મોટી સંખ્યામાં તળાવની પાળે બેસવા ઉમટે છે... આ ઉપરાંત બાળકો માટે પણ રમવા માટેની રમણીય જગ્યા છે... આમ શહેરનું આકર્ષણના કેન્દ્ર સમા સેક્ટર-૧નું તળાવ વરસાદના પાણીથી ભરાતાં આસપાસના રહીશોના ટોળેટોળા જોવા નીકળ્યા હતા...

# શહેરમાં વહેલી સવારથી હળવા-ભારે વરસાદી ઝાપટા

**સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાયા : વરસાદી મોસમની જમાવટથી વાતાવરણમાં ઠંડક પ્રસરી : શહેરમાં વહેલી સવારે ૧ ઈંચ વરસાદ ખાબક્યો : સેકટરો વરસાદી સમસ્યાઓથી ઉભરાયા : ખદબદતી ગંદકી વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધતા રોગચાળાનો ખતરો**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી આકાશમાં છવાયેલા વરસાદી વાદળો ઝરમરિયો વરસાદ વરસાવતા નગરજનો બફારા વચ્ચે બેચેની અનુભવી રહ્યા હતા જયારે રાત્રિના વરસાદી છાંટણા અંતે આજે વહેલી સવારે ધોધમાર વરસાદ તુટી પડતા સેકટરોમાં પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. અડધો કલાકમાં એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. દિવસના અંતે શહેરમાં ૨૮ મી મી વરસાદ નોંધાયો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો કુલ ૫૩૩ મી મી વરસાદ નોંધાયો છે. શહેરમાં ચોમાસાની મોસમે જમાવટ કરી છે. જયારે સેકટરોમાં પણ સતત ભીંજારાના માહોલ વચ્ચે વરસાદી સમસ્યાઓથી રહીશો ત્રસ્ત છે. કાદવ કિચ્ચડ અને ગંદકી વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધતા રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે.

ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસના વાદળિયા વાતાવરણ અને ઝરમરિયા વરસાદના આજે સવારે મેઘરાજાનો મિજાજ ફરી એકવાર નિખર્યો હતો. રાત્રિના વરસાદી છાંટણા બાદ વહેલી સવારે ધોધમાર વરસાદ તુટી પડતા પલવારમાં જ ઠેર ઠેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. ત્રણ ચાર દિવસ અગાઉ પણ ભારે વરસાદના લીધે સેકટરોમાં ચોમેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જયારે છેલ્લા બે દિવસથી સતત વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં વરસાદી નઝારો નિખર્યો હતો પરંતુ વરસાદ છાંટણા વરસાવી બંધ થઈ જતા નગરજનો વાદળિયા વાતાવણરમાં પણ બફારાથી અકળામણ અનુભવી



રહ્યા હતા. બે દિવસ અગાઉ સાંજના સમયે ઝરમરિયા વરસતા વરસાદના અંતે અચાનક જ ધોધમાર વરસાદ તુટી પડતા સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જયારે આજે પણ સવારે વરસાદી મોસમનો નઝારો નિખર્યો હતો. વરસાદના લીધે શહેરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. સેકટરોમાં એકબાજુ સતત ભીંજારાના મોહોલ વચ્ચે વરસાદી સમસ્યાઓનો ઢગ ખડકાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## બેવડી ઋતુના માહોલમાં કપાસમાં ચૂસિયા પ્રકારની જીવાતે દેખા દેતાં ખેડૂતો ચિંતામાં

ગાંધીનગર,તા. ૧૬

સતત વરસાદી માહોલ અને બેવડી ઋતુના વાતાવરણને લઈ ખેતીમાં આંતર નિંદામણની સ્થિતિ વિકટ બની છે એટલુ જ નહિ કપાસના પાકમાં ચૂસિયા જીવાત અને મોલોમસી જોવા મળી રહી હોવાથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો છે.

જિલ્લામાં વરસાદી માહોલ જે રીતે છવાયો છે તેને પગલે નિંદામણની કામગીરી કરવી એક પ્રશ્ન બની ગયો છે એટલુ જ નહિ માણસા અને અન્ય કેટલાક વિસ્તારોમાં કપાસના પાકમાં ચૂસિયા જીવાતનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે.

સતત ભેજવાળા વાતાવરણને કારણે મોલોમસીનો ઉપદ્રવ પણ જોવા મળી રહ્યો છે. સતત હળવા વરસાદી ઝાપટાઓને કારણે આંતર ખેડ વિસ્તારમાં નિંદામણ વધી જવા પામ્યુ છે જે ખેડૂતોની ચિંતાનો વિષય બનેલ છે.

જિલ્લામાં આ વખતે તલ, સોયાબીન અને શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં વધારો નોંધાયો છે. વરાપ ન નીકળતાં દિવેલા અને ગુવારના વાવેતરે હજુ વેગ પકડ્યો નથી.

**વરસાદી માહોલ જે રીતે છવાયો છે તેને પગલે નિંદામણની કામગીરી કરવી એક પ્રશ્ન બની ગયો છે**

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ખરીફ સિઝનનું વાવેતર ૮૨ ટકા જેટલુ નોંધાયુ છે. જેમાં દહેગામમાં ૯૭ ટકા, ગાંધીનગરમાં ૭૨ ટકા, કલોલમાં ૬૩ ટકા અને માણસામાં ૯૩ ટકા જેટલુ વાવેતર સંપન્ન થઈ ગયુ છે.

જિલ્લામાં વરિયાળીનું વાવેતર ૨૮૬ હેક્ટરમાં, ઘાસચારાનું વાવેતર ૨૯,૮૩૬ હેક્ટરમાં, શાકભાજી ૧૨,૭૦૬ હેક્ટરમાં, ગુવારનું વાવેતર ૨૭૨૧ હેક્ટરમાં, કપાસનું વાવેતર ૨૦,૨૫૨ હેક્ટરમાં, સોયાબીનનું વાવેતર ૧૨૯ હેક્ટરમાં, દિવેલાનું વાવેતર ૧૧,૭૬૪ હેક્ટરમાં, તલનુ વાવેતર ૩૮૦ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૧૧,૨૭૧ હેક્ટરમાં, અડદનું વાવેતર ૬૭૬ હેક્ટરમાં, મઠનું વાવેતર ૮૭ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૫૨૪ હેક્ટરમાં, તુવેરનું વાવેતર ૭ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૧૦૪૩ હેક્ટરમાં તેમજ ડાંગરનું વાવેતર ૧૨,૨૬૦ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં આ વખતે અગાઉના વર્ષોની તુલનામાં વરસાદ વધુ થયો છે અને વરસાદી દિવસોની સંખ્યામાં પણ વધારો થયો છે જે નોંધનીય છે.

## સે. ૨૬માં ૭૬ વર્ષીય વૃદ્ધ સ્વાઈન ફ્લુમાં સપડાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં આજે સ્વાઈન ફ્લુનો વધુ એક કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૫ થઈ છે.

ગાંધીનગર શહેરમાં આજે સ્વાઈન ફ્લુનો કેસ સે. ૨૬માં નોંધાયો છે. ૭૬ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ સ્વાઈન ફ્લુનો પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલા પાંચ કેસ પૈકી બે દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો હતો જે નોંધનીય છે.

સ્વાઈન ફ્લુના કેસો નિયંત્રણમાં હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. જો કે આ રોગમાં સાવચેતી અને સતર્કતા રાખવી પણ જરૂરી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

## દહેગામમાં બે કલાકમાં અઢી ઈંચ વરસાદ

**જિલ્લાના અન્ય ત્રણ તાલુકામાં પણ અર્ધા ઈંચ કરતાં વધુ વરસાદ**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આજે સાંજે ૬ થી ૮ના બે કલાકના ગાળામાં જ અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાતા તાલુકામાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા એટલુ જ નહિ વાહન-વ્યવહાર પણ થંભી ગયો હતો.

દહેગામમાં આજે સાંજે થયેલા આ ભારે વરસાદને કારણે મળતી પ્રાથમિક વિગતો પ્રમાણે જાનહાનિ કે નુકશાન થયુ નથી. જો કે પાણી ભરાઈ જવાની ફરિયાદો જરૂર ઉઠી છે.

દહેગામ તાલુકામાં આજે દિવસ દરમ્યાન જ ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. દહેગામમાં થયેલા ભારે વરસાદની અસરો જિલ્લાના અન્ય તાલુકામાં પણ જોવા મળી હતી.

ગાંધીનગર જિલ્લામાં આજે સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. શ્રાવણ તરબોળ કરવા મેઘરાજા આજે સવારથી જ સમયાંતરે ઝાપટા સ્વરૂપે વરસી રહ્યા છે અને આખો દિવસ વરસાદી વાતાવરણ જામેલુ રહ્યુ હતુ.

જિલ્લાના ચારેય તાલુકામાં આજે સવા ઈંચ જેટલો વરસાદ તો સાંજના ૬ વાગ્યા સુધીમાં નોંધાઈ ચુક્યો છે. જો કે મોડી સાંજના સાત વાગ્યા પછી પણ મેઘરાજાની સવારી જિલ્લામાં સતત ફરી રહી છે.

જિલ્લામાં આજે આખો દિવસ વરસાદી માહોલ રહેતાં જનજીવન લગભગ ખોરવાઈ ગયુ હતુ. બજારોમાં ખાજાની ખરીદીમાં પણ ઓટ આવેલી જણાઈ હતી. લોકોએ ઘરમાં જ બેસી અને રજાનો દિવસ પસાર કર્યો હતો.

આખો દિવસ વરસાદી માહોલ છવાયેલો રહ્યો હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાની તેમજ કાદવ-કીચડ વ્યાપી જવાની ફરિયાદો ઉઠી છે. તળાવોમાં નવા નીરની આવક થઈ છે.

## સમર્પિત આયોગની રચના પછી હવે પંચાયતોની ચૂંટણી વિલંબમાં પડી

**આયોગ ચાલુ માસના છેલ્લા સપ્તાહમાં ગુજરાતની મુલાકાતે આવે તેવા સંકેત : આયોગની કચેરી કાર્યરત થઈ**

ગાંધીનગર, તા. ૧૬

સુપ્રિમ કોર્ટના આદેશને પગલે રચાયેલ સમર્પિત આયોગનો અહેવાલ ના આવે ત્યાં સુધી પંચાયતોની ચૂંટણી પર બ્રેક લગાવવામાં આવી છે. આથી હવે રાજ્યમાં સીધી જ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જ યોજવામાં આવશે.

સમર્પિત આયોગ ગુજરાતની આ માસના છેલ્લા સપ્તાહમાં મુલાકાત લેશે તેમ માનવામાં આવી રહ્યુ છે. આયોગની કચેરીનો ગાંધીનગરમાં પ્રારંભ પણ કરી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આયોગે બક્ષીપંચ સહિતની વસ્તીની વિગતો માંગી છે અને તે અંગે હાલ દરેક જિલ્લામાં સર્વે પણ હાઉસ ટુ હાઉસ ફરી હાથ ધરવામાં આવ્યો છે. ૨૦૨૧ની વસ્તી ગણતરી થઈ ન હોવાથી વસ્તીનો સાચો અંદાજ મેળવવા માટે હાલ કેટલાક ગામોને કલ્સ્ટર બનાવી હાઉસ ટુ હાઉસ સર્વે હાથ ધરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર વહીવટદારની નિમણુંકની જોગવાઈ છ માસ માટે જ કરાઈ છે અને ડિસેમ્બર સુધી અહેવાલ તૈયાર થાય તેમ ન હોવાથી આ જોગવાઈમાં સુધારો પણ કરવામાં આવશે.

## જિલ્લાના કર્મનિષ્ઠ કર્મયોગીઓ, ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર નાગરિકોનું બહુમાન



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલોલ ખાતે કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે જિલ્લામાં વિશિષ્ટ કામગીરી કરનાર કર્મનિષ્ઠ કર્મયોગીઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકો મળી કુલ- ૩૯ વ્યક્તિઓનું ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને નાગરિકો વચ્ચે સેતુરૂપ ભૂમિકા અદા કરતા અને સરકારની વિવિઘ ફ્લેગશીપ યોજનાઓ તથા કાર્યક્રમોના જિલ્લામાં પ્રચાર પ્રસારની ઉમદા કામગીરી કરનાર જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સીનીયર સબ એડીટર શ્રી પરિમલ પટેલનું પણ ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માનપત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના સરકારી કાર્યક્રમોમાં પોતાના અવાજ થકી અમૂલ્ય સેવાઓ આપનાર ઉદ્ઘોષક અને મુખ્ય શિક્ષક શ્રી પૂર્વેશ જશુભાઈ વ્યાસ, યોગદિનની ઉજવણીમાં વિશિષ્ટ કામગીરી કરનાર યોગ ઈન્સ્ટ્રકટર શ્રી હેમલત્તાબેન અને તેમની ટીમ, ૨૦ આયુષ ગામ, ૧૩ આયુષ હેલ્થ અને વેલનેસ દવાખાના અપગ્રેડ કરવાની કામગીરી કરનાર જિલ્લા આયુર્વેદ અધિકારી અને તેમની ટીમનું પણ ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

## કહેર યથાવત્ : શહેરમાં કોરોનાના નવા ૧૦ અને ગ્રામ્યમાં ૧૧ કેસ

**જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૨, કલોલમાં ૧ અને માણસામાં ૮ કેસ નોંધાયા : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૨ માં ૩ તેમજ સે. ૧, ૩, ૧૯, ૨૨, ૨૬, કોટેશ્વર અને સરગાસણમાંથી કેસો મળ્યા**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત્ રહેવા પામ્યો છે. જો કે પર્વોના દિવસો હોવાથી ટેસ્ટીંગના પ્રમાણમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૧૧ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં ૨૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૬ દર્દીઓ રિકવર થતાં અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ સુધર્યો છે પણ જે રીતે લોકલ ટ્રાન્સમિશન વધી રહ્યુ છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં સ્વાઈન ફ્લુની સ્થિતિ નિયંત્રણમાં આવી હોવાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. જો કે વાહકજન્ય રોગચાળાના કેસોમાં વધારો પણ જોવા મળી રહ્યો છે તેથી તંત્રની દોડધામ ઓછી નથી થઈ.

ગાંધીનગર શહેર-જિલ્લામાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે અને કોરોના ગાઈડલાઈનના પાલનમાં લોકો જે ઉદાસીનતા દાખવી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. કોરોનાના કેસો વધી રહ્યા છે પણ દર્દીઓમાં તેના લક્ષણો હળવા જોવા મળી રહ્યા છે અને હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત જરૂર છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દી, ૬ દર્દી ૬૦થી વધુ વયના છે. મોટી વયના લોકો અને મહિલાઓ સંક્રમિત થઈ રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસમાં એક દર્દીની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી છે. તે ગઈ તા. ૧૪મી ઓગષ્ટના રોજ કેરાલાથી પરત ફરેલ છે અને રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. બાકીના દર્દીઓ લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૨ માં ૩ તેમજ સે. ૧, ૩, ૧૯, ૨૨, ૨૬, કોટેશ્વર અને સરગાસણમાંથી કેસો મળ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે ૧૫૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ

● અનુસંધાન પાન-૭ પર

ભાવાંજલી

તૃતિય વાર્ષિક પુણ્યતિથિ



સ્વ. શ્રી નરેન્દ્રસિંગ છાબડા

(સ્થાપક : એસોસીએશન ફોર સોશ્યલ વેલફેર એન્ડ ડેવલોપમેન્ટ)

સ્વ. તા. ૧૬-૦૮-૨૦૧૯ ને શુક્રવાર

સંઘર્ષ તમે કર્યો, પુણ્ય અમને મળ્યું,
કર્મ તમે કર્યુ, ફળ અમને મળ્યું,
આપવું એ જ તમારા જીવનનો મહામંત્ર હતો,
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અને મોક્ષ અર્પે...

આપનાં સદૈવ આભારી
શ્રીમતી પરમજીત કૌર છાબડા તથા
સમસ્ત પરિવાર

## જાહેર ચેતવણી

ગાંધીનગરના સેક્ટર-૧૪માં આવેલ હાઉસીંગ બોર્ડ એચ.આઈ.જી. પ્રકારના ફલેટ સિસ્ટમના ફલેટો પૈકી બ્લોક નં. ૭, ફલેટ નં. ૮૧, જે બીજો માળ, જેનું ક્ષેત્રફળ ૮૫.૮૮ ચો.મી. બાંધકામવાળા તથા વહેંચાયેલો આશરે ૨૮.૬૩ ચો.મી. વાળી મીલકત જ્યારે ખરીદ કરી ત્યારે તેના ૫૦% અવેજની રકમ અમોએ ચુકવેલ છે. અને અમો સહી કરનાર કાયદેસરના અડધ મીલકતના માલીક કબજેદાર ભોગવટેદાર છીએ, પરંતુ આ મીલકત અમો નીચે સહી કરનારના પતિ ત્રિવેદી સમીર મહેન્દ્રનાઓના નામે રજી.વે.દ.નં. ૬૮૨૯/૧૪ થી ખરીદ કરવામાં આવેલી છે. પરંતુ આ મીલકતમાં અમો નીચે સહી કરનારનો પણ અડધ ભાગ પોષાય છે. અને હાલમાં અમો નીચે સહી કરનાર અને અમારા પતિ ત્રિવેદી સમીર મહેન્દ્રનાઓના વચ્ચે ફેમીલી કેસો ચાલે છે. જે હાલ પેન્ડીંગ છે અને આ મીલકતમાંથી અમારૂ ચડત ભરણ પોષણ મેળવવાની કાર્યવાહી કરવાની છે. પરંતુ હાલમાં રેવન્યુ રેકર્ડ ત્રિવેદી સમીર મહેન્દ્રનાઓનું નામ ચાલે છે અને તેઓ અન્વને આ મીલકત વેચાણ કરવાની તજવીજ કરી રહ્યા છે. તેથી સદરહુ મીલકતમાં કોઈપણ જાતના વ્યવહારો જેવા કે વેચાણ, ગીરો, બક્ષીસ, કે તબદીલીને લગતા કોઈપણ કરારો, લખાણો કરવા કરાવવા નહીં, નહીંતર તો તે ઈસમ વિરૂદ્ધ અમારા અસીલો કાયદેસરની કાર્યવાહી કરશે. જે જાહેર જનતા જાણશે.

**તારીખ : ૧૭/૮/૨૨** **સહી/-**
**સ્થળ : ગાંધીનગર** **વિણા કે. સોલંકી**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · ASTRAL PIPES · PRINCE PIPING SYSTEMS · Jaquar experience bathing · DR. FIXIT · Birla White THE WHITEST WHITE CEMENT · VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com